## ગુજરાત રાજ્યની જુદી જુદી કૃષિ ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ રિન્યુએબલ એનર્જી એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા ની મુલાકાતે

રિન્યુએબલ એનર્જી એન્જીનીયરીંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, આ.કૃ.યુ. ગોધરા ખાતે ગુજરાત રાજ્યની જુદી જુદી કૃષિ ઈજનેરી ડિપ્લોમા તેમજ ડિગ્રી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત મુલાકાત લીધેલ હતી. તે દરમ્યાન તા. ૦૮/૦૧/૨૦૨૪ ના રોજ પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ, આ.કૃ.યુ., દાહોદના ડિપ્લોમા માં અભ્યાસ કરતાં કુલ ૨૬ વિદ્યાર્થીઓ તેમજ તા. ૧૧/૦૧/૨૦૨૪ ના રોજ પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ, એન.એ.યુ., ડેડીઆપાડાના ડિપ્લોમા માં અભ્યાસ કરતાં કુલ ૨૬ વિદ્યાર્થીઓ એ રિન્યુએબલ એનર્જી એન્જીનીયરીંગ વિભાગ અંતર્ગત વિભાગની જુદી-જુદી લેબોરેટરીઓ તેમજ RKVY પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવેલ હાઈ ટેક ફેન એન્ડ પેડ ગ્રીન હાઉસ, નેટહાઉસ તેમજ સોલાર એનર્જીને લગતા જુદા જુદા સાધનો અને યંત્રોની માહિતી ઈજ. જગદીશ જે. ચાવડા, એસ. આર. એ. દ્વારા મુલાકાત દરમ્યાન આપવામાં આવેલ હતી. વધુમાં તા. ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, જુ.કૃ.યુ., જુનાગઢના કૃષિ ઈજનેરી (સ્નાતક કક્ષા) ના ૭ માં સેમેસ્ટરમાં અભ્યાસ કરતા કુલ ૮૬ વિદ્યાર્થીઓ દ્વારા અત્રેના વિભાગની જુદી-જુદી લેબોરેટરી તેમજ નિદર્શન પ્લોટમાં સ્થાપિત હાઈ ટેક ફેન એન્ડ પેડ ગ્રીન હાઉસની પણ મુલાકાત લીધેલ હતી. આ મુલાકાત દરમ્યાન ઇજ. જે, શ્રવણકુમાર , મદદનીશ પ્રાધ્યાપક દ્વારા જુદા જુદા પ્રકારની સોલાર પેનલનો ઉપયોગ ખેતીમાં કેવી રીતે કરી શકાય તેના વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઈજ. જગદીશ જે. ચાવડા દ્વારા વિભાગમાં આવેલ જુદી-જુદી લેબોરેટરી તેમજ ગ્રીન હાઉસમાં ચાલતા અખતરાઓ વિષેની માહિતી આપેલ હતી. આમ, ઉપરોક્ત તમામ મુલાકાત દરમ્યાન અત્રેના વિભાગના વિભાગીય વડાશ્રી, ડો. ડી. કે. વ્યાસ દ્વારા રિન્યુએબલ એનર્જી ઈજનેરી વિભાગ વિષેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.




**પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ, આ.કૃ.યુ., દાહોદ**







પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ, એન.એ.યુ., ડેડીયાપાડા







કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢ